Date: 20 Feb, 2019 (Divyabhaskar Ahmedabad, Pg. No. 13)

# 40 ઈન્ડસ્ટ્રીઝના પ્રશ્નો સોલ્વ કરવા 36 કલાકની હેકાથોનનો પ્રારંભ

## IITRAMમાં હેકાથોનમાં 101 ટીમોએ ભાગ લીધો



સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ(IITRAM) ખાતે ગઈકાલે 36 કલાકની 'ઈન્ડસ્ટ્રીયલ હેકાથોન'નો પ્રારંભ થયો હતો. 36 કલાકની ઈન્ડસ્ટ્રીયલ હેકાથોનમાં રાજ્યની 25 સરકારી એન્જિનિયરિંગ કોલેજમાંથી 101 ટીમોના 500 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને ઈન્ડસ્ટ્રીઝના પ્રોબ્લમનું સોલ્યુશન લાવવા બ્રેઈન સ્ટ્રોમિંગ કર્યુ હતું.

### ઉદ્યોગોના કચરાનો નિકાલ કરવાનો અપાયો ટાસ્ક

ઈન્ડસ્ટ્રીઝમાંથી નિકળતુ ગંદી પાણી અને કચરો પર્યાવરણ અને માણસો માટે હાનિકારણ હોય છે ત્યારે IITRAM ખાતે હેકાથોનમાં વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝમાંથી નિકળતા કચરાનો નિકાલ કરવાનો ટાસ્ક આપવામાં આવ્યો હતો. આ માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ ગ્રુપ બનાવીને 36 કલાકમાં ઉદ્યોગોના કચરાનો નિકાલ કેવી રીતે લાવી શકાય તેના પર કામ કરશે.